Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




## लवाजम

घणाखरा ग्राहक भाईओनुं लवाजम आ अंके पूर्ण थाय छे. एटले जेमनुं लवाजम आ अंके पूरुं थतुं होय तेमणे पोताना लवाजमना बे रुपिया ताकीदे मोकली आपवा अने जेमने लवाजम न मोकलवुं होय तेमणे पत्र लखीने तेनी खबर आपवी. लवाजमनी रकम अथवा पत्र नहीं मळे तो आगामी अंक वी. पी. थी रवाना करवामां आवशे. ते स्वीकारी लेवा विनंती छे.

વ્ય૦

વર્ષ ૯ : અંક : ૧૨ : : ક્રમાંક ૧૦૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ अर्हम् ॥

अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक मुनिसम्मेलन संस्थापित

श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र

# श्री जैन सत्य प्रकाश

वर्ष ९ अंक १२ || વિક્રમ સં. ૨૦૦૦ : વીરનિ. સં. ૨૪૭૦ : ઈ. સ. ૧૯૪૪ || ભાદરવા વદિ ૧૩ : શુક્રવાર : સપ્ટેમ્બર ૧૫ || क्रमांक १०८

## વિષય–દર્શન


| | | |
|---|---|---|
| ૧ શ્રી સંઘનો આભાર | તંત્રી | : ૪૭૧ |
| ૨ સમાધાન–પ્રવૃત્તિનાં મૂલ્યાંકન | પૂ. ઉ. મ. શ્રી. સિદ્ધિમુનિજી | : ૪૭૨ |
| ૩ ત્રણ પ્રાચીન મહત્તરાઓ | પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા | : ૪૭૫ |
| ૪ पूज्यताका विचार | पू. मु म. श्री विक्रमविजयजी | : ४७७ |
| ૫ શ્રી સિદ્ધચક્રનું સંક્ષિપ્ત સ્વરૂપ | પૂ. મુ. મ. શ્રી. ન્યાયવિજયજી | : ૪૭૯ |
| નવમા વર્ષનું વિષય–દર્શન | | |
| નવી મદદ | | |
| વિક્રમ–વિશેષાંક સંબંધી વધુ અભિપ્રાયો | | |


**સૂચના**—આ માસિક દરેક અંગ્રેજી મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે તેથી સરનામાના ફેરફારના ખબર બારમી તારીખે સમિતિના કાર્યાલયે પહોંચાડવા.

**લવાજમ—વાર્ષિક—બે રૂપિયા : છુટક ચાલુ અંક–ત્રણ આના**

મુદ્રકઃ–મગનભાઈ છોટાભાઈ દેસાઈ. શ્રી વીરવિજય પ્રીન્ટીંગ પ્રેસ, સલાપોસ ક્રોસરોડ, પો. બો. નં. ૬–ભક્તિમાર્ગ કાર્યાલય–અમદાવાદ. પ્રકાશકઃ–ચીમનલાલ ગોકળદાસ શાહ. શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઇની વાડી, ઘીકાંટા રોડ–અમદાવાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ वीराय नित्यं नमः ॥


# શ્રી જૈન સત્ય પ્રકાશ

વર્ષ ૯ ] ક્રમાંક ૧૦૮ [ અંક ૧૨


# શ્રીસંઘનો આભાર

આ અંકે 'શ્રી જૈન સત્ય પ્રકાશ'ની નવ વર્ષની મજલ પૂરી થાય છે. ખરેખર, આ નવમા વર્ષે 'શ્રી જૈન સત્ય પ્રકાશ' અનેક રીતે યશભાગી બન્યું છે. '**अनेकान्त**' માસિકના સમ્પાદક શ્રી જુગલકિશોરજી મુખ્તારે વીરશાસન-જયન્તી-ઉત્સવના નામે શ્વેતામ્બરો વિરુદ્ધ જે પ્રચારકાર્ય આદર્યું હતું તે પ્રચાર્યકાર્યનો ભેદ, 'શ્રી જૈન સત્ય પ્રકાશે' યુક્તિ અને પ્રમાણપુરઃસરની નોંધો લખીને ઊઘાડો પડયો હતો. સમ્રાટ વિક્રમાદિત્યને જૈનધર્મ સાથે સંબંધ હતો કે કેમ એ વાત તો દૂર રહી, પણ એ હજાર વર્ષ પૂર્વે સમ્રાટ વિક્રમાદિત્યનું અસ્તિત્વ જ હતું કે નહીં-એ સંબંધી વિદ્વાનોમાં જ્યારે વિવાદ ચાલતો હતો ત્યારે 'શ્રી જૈન સત્ય પ્રકાશે' દળદાર અને સચિત્ર વિક્રમ-વિશેષાંક પ્રગટ કરીને વિક્રમાદિત્ય સંબંધી જૈન ઇતિહાસ રજૂ કર્યો હતો. આ વિક્રમ-વિશેષાંકનો જૈન-જૈનેતર વિદ્વાનોએ તેમજ સામયિકોએ જે પ્રેમભર્યો સત્કાર કર્યો છે તે માટે અમે ઘણો હર્ષ અનુભવીએ છીએ.

અને આ રીતે 'શ્રી જૈન સત્ય પ્રકાશ' પોતાની મજલમાં આગળ વધી શક્યું છે તે પૂજ્ય આચાર્ય મહારાજ આદિ મુનિ સમુદાય તથા જૈન સંઘના ઉદાર સદ્‌ગૃહસ્થોની કૃપાને જ આભારી છે. આ બધાં વર્ષો દરમ્યાન શ્રીસંઘે સમિતિની આર્થિક જરૂરિયાત જે ઉદારતા પૂર્વક પૂરી પાડી છે. અને માસિક પ્રત્યે જે પ્રેમ અને મમતાની લાગણી પ્રદર્શિત કરી છે તે માટે અમારું અંતર આભારની લાગણીથી નમ્ર બને છે. શ્રીસંઘના આ વાત્સલ્યભર્યા સહકારને અમે હૃદયપૂર્વક વંદન કરીએ છીએ.

આ માસિક પ્રત્યે જૈન સંઘનું મમત્વ દિવસે દિવસે કેટલું વધતું જાય છે તે આ અંકના અંતમાં આપેલ નવી મદદની નોંધ ઉપરથી જોઈ શકાશે.

અમારી આર્થિક જરૂરિયાતનું સરોવર કોઈ એક મોટી રકમની મદદ દ્વારા ભરાઈ ન જાય તો તેથી અમારે ધીરજ ખોવાની જરૂર નથી એમ ગત નવ વર્ષોએ પુરવાર કર્યું છે. અમારું એ સરોવર અનેક ગામનાં સંઘો અને અનેક સદ્‌ગૃહસ્થો તરફથી મળતી નાની મોટી મદદરૂપે ટીપે ટીપે ભરાય તેમાં અમને વિશેષ આનંદ છે. કારણ કે એ રીતે જ આ સમિતિ અને આ માસિક સમસ્ત શ્રીસંઘની મમતાનાં ભાગી બની શકે, અને સમસ્ત શ્રીસંઘની સેવાનું એનું વ્રત સફળ થઈ શકે.

જે શ્રીસંઘ તરફથી આટલી મમતા પ્રદર્શિત કરવામાં આવતી હોય તેની બની શકે તેટલી વધુ સેવા કરવામાં જ 'શ્રી જૈન સત્ય પ્રકાશ'ને વિશેષ આનંદ આવી શકે. પણ અત્યારનો યુદ્ધકાળ અને તે અંગેનો કાગળ-નિયમનનો ધારો એ આનંદને વ્યક્ત કરતાં અટકાવે છે એ દુઃખની વાત છે. ગમે તેટલી ઇચ્છા હોવા છતાં માસિકને માત્ર સોળ જ પાનાંમાં પ્રગટ કરી શકીએ એવી પરિસ્થિતિ આગળ અમો લાચાર બનીએ છીએ. આ પરિસ્થિતિનો સત્વર અંત આવે અને અમે શ્રીસંઘની વધુ સેવા કરી શકીએ એવી પ્રાર્થના કરીએ છીએ.

—તંત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમાધાન-પ્રવૃત્તિનાં મૂલ્યાંકન

લેખક:—પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ શ્રી સિદ્ધિમુનિજી

"સાધુ એટલે રાગદ્વેષ વગરનો મહાત્મા. તેને ન હોય ક્રોધ, માન, માયા કે લોભ. તે સર્વથા શાંત અને સમતાવાન જ હોય. તેને જગતની સાથે કોઈ સંબંધ જ ન હોય. તે સર્વથા ઇન્દ્રિયગ્રામોથી પર જ હોય." જેઓ આવી આવી 'સાધુ' શબ્દની વ્યાખ્યા કરે છે અને જ્યારે કોઈક સાધુમાં તે વ્યાખ્યાથી વિપરીત રાગદ્વેષાદિ જણાય–દેખાય ત્યારે તેને પોતાની મનાયેલી વ્યાખ્યાનુસાર 'સાધુ' તરીકે ન માનવાની સમજ ધરાવે છે; તેઓ એ સત્ય ભૂલી જાય છે કે, અમારી ઉપરોક્ત વ્યાખ્યા અપૂર્ણ અને અનુચિત છે, એમાં કાંઈક ઊંડી ગેરસમજ રહેલી છે.

જૈન શાસ્ત્રોમાં સાધુ એટલે 'સિદ્ધ' નહિ, પણ સાધક છે. સર્વાર્થસિદ્ધને કાંઈ સાધવાનું રહેતું નથી, જ્યારે 'સાધુ' શબ્દમાં સાધવાના અર્થની જ મુખ્યતા છે. એટલે કે–આત્માના અર્થની સાધનાનો કરનાર તે સાધુ. આનો ભાવાર્થ એ છે કે, આત્માર્થને સિદ્ધ કરવા માટે પ્રયત્નશીલ યોગ્ય ઉમેદવાર તે સાધુ. રાગદ્વેષાદિનો જેટલા પ્રમાણમાં વિજય મેળવ્યો હોય, અર્થાત્ તેની જેટલા પ્રમાણમાં સિદ્ધતા સાધી હોય તેટલા પ્રમાણમાં તે ઉમેદવાર સિદ્ધ ગણી શકાય, પણ અવશિષ્ટ સાધ્ય સાધનાની દૃષ્ટિએ તે સાધક–સાધુ જ છે. જૈનશાસનમાં હરકોઈ ગમે તે વ્યક્તિ આવા પ્રકારનો સાધુ કે ઉમેદવાર બની શકતો નથી. સુવિહિત ગીતાર્થની પરીક્ષામાં સફળ થાય તે જ એ પદને પામી શકે છે.

જૈન શાસ્ત્રો કહે છે કે:—સિદ્ધ થવાની ઉમેદવારી કરનારમાં એટલે સાધ્ય સાધવાની ખાતર સાધક દશાનું–સાધુતાનું સ્થાન સ્વીકાર કરનારમાં તેને યોગ્ય ગુણસંચય અમુક પ્રમાણમાં થયેલો હોવો જ જોઈએ. મહાન આચાર્ય શ્રી હરિભદ્રસૂરીશ્વરના ગ્રંથોમાં આ ઉમેદવારીની યોગ્યતાના ગુણોનું વર્ણન અતીવ વિસ્તારથી કરવામાં આવ્યું છે કે, જે ગ્રંથોને જૈનાગમોનો અને તેમની પછી થયેલા સર્વ આચાર્યોના તે વિષયને લગતાં સંક્ષિપ્ત કે વિસ્તૃત વિધાનોનો ટેકો છે. એ ગુણવર્ણન પરથી ભાવાર્થરૂપે સંક્ષેપમાં કહી શકાય કે, જે આત્મામાં અમુક અંશે વિરક્તભાવ, અલ્પ કષાયિતા, મોક્ષાભિરુચિ, સત્પુરુષાર્થપ્રબલતા વગેરે જાગ્યાં હોય તે જ આ ઉમેદવારી કરી શકે–જૈન સાધુતા સ્વીકારી શકે. તેનામાં સર્વથા પ્રમાદનો અભાવ કે ક્રોધાદિ કષાયની સાવ નિર્મૂલતા, એ વગેરે તો ઉમેદવારી કરતાં કરતાં સાધકદશાના અભ્યાસબળે આગળ પર જ રાખવાં રહે છે. અને એ માટે સમયની મર્યાદા, જો ભાવ સમ્યક્ત્વનો યોગ થયો હોય તો વધારેમાં વધારે અપાર્ધપુદ્ગલપરાવર્ત જેટલો કાલ છે. વ્યવહારથી દ્રવ્ય સમ્યક્ત્વ આરોપણ કરીને જેઓને આ ઉમેદવારી સોંપવામાં આવે છે તેઓને માટે તો એ સમયની મર્યાદા આંકવાનું કાર્ય છદ્મસ્થોને માટે અનિશ્ચિત છે. કેમકે છદ્મસ્થ યોગ્યતાનો નિર્ણય નિશ્ચયથી કરી શકતો નથી. અને વ્યવહારથી મનાયલી યોગ્યતા વ્યાવહારિક રીતે જ નિર્ણય આપવામાં કારણ બને છે. અસ્તુ.

આમ ઉપર કહ્યા પ્રમાણે મોક્ષારાધક સાધુમાં, તે અતીવ આગળની સાધક દશામાં ન પહોંચે ત્યાં સુધી, તેનામાં કષાયાદિ વિદ્યમાન હોય છે તેથી જ શિક્ષા વગેરેની જરૂરિયાત નવ દીક્ષિતને જ નહિ, પરંતુ જ્યાંસુધી અમુક યોગ્ય ગુણોપાર્જન ન થયું હોય ત્યાં સુધી સૌ કોઈ સાધુને હોય છે. અનાદિ કાળથી આત્મામાં જે કર્મની સત્તા અને તજજન્ય ઔદયિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવ વર્તી રહ્યો છે તે આ સાધુદશામાં પણ ચાલુ જ છે, અને તેથી તેને અતિચારાદિ લાગતા હોય છે. આ વખતે તે સાધુના તરફ સંઘાડાના કે ગચ્છના નાયકે ઉપેક્ષાવૃત્તિ ન રાખવી જોઈએ, એટલું જ નહિ પરન્તુ સામાન્ય સાધુએ પણ તેને ઉપેક્ષા વૃત્તિથી ન જોવા જોઈએ; જો તેઓ તેના પ્રતિ ઉપેક્ષાવૃત્તિથી વર્તે તો તેઓ દોષને પાત્ર ઠરે છે.

સંસારમાં કષાયોના ઉદયનાં નિમિત્તોનો કાંઈ ટોટો નથી. પણ એ નિમિત્તોના યોગે જ્યારે પરસ્પર કષાય જાગતો હોય ત્યારે આચાર્યાદિ જો એવો વિચાર કરે કે, આત્માર્થ સાધવામાં જ ગુણ છે અને પરાર્થમાં પડવાથી કેવળ દોષ જ છે, માટે મારે આત્માર્થની જ ગવેષણા કરવી તો તેથી એ આચાર્યાદિને આત્માર્થના લાભને બદલે હાનિ જ થવાનો સંભવ છે. જૈનાગમો આ વાતને દૃષ્ટાન્તોથી સમજાવે છે, તેમાંનું એક દૃષ્ટાન્ત આ પ્રમાણે છે:—

એક સુંદર અને વિશાલ સરોવર હતું. કમલ, કુમુદ વગેરે જલજ પુષ્પોથી તે સુગંધિત અને સુશોભિત હતું. તેમાં જલચર–મત્સ્યાદિ જીવોનો બહોળા પ્રમાણમાં વાસ હતો. વિવિધ જાતિનાં પક્ષિઓના ગણોથી તે સરોવર અને તેની આજુબાજુનાં વૃક્ષો ભરેલાં હતાં. જે જંગલના મધ્ય પ્રદેશમાં આ સરોવર આવેલું હતું, તે જંગલ પણ વિવિધતાથી યુક્ત હતું. તેના ભિન્ન ભિન્ન પ્રદેશોમાં સર્વત્ર હરિણ, સસલાં, સાબર, સિંહ, હાથી વગેરે વિવિધ જાતિનાં પશુઓ વાસ કરી રહ્યાં હતાં. ઉપરોક્ત સરોવર એ સર્વની તરસ છીપાવવાને માટે આશિર્વાદ સમાન હતું.

આ જંગલમાં હાથીઓનાં ટોળાં વસતાં હતાં, તેમાંનું એક ફરતું ફરતું આ સરોવરે આવી પહોંચ્યું. તેણે સરોવરમાં યથેચ્છ જલપાન અને જલક્રીડા કરી. ત્યારબાદ મધ્યાહ્ન સમયે એ હાથીના ટોળાએ તે સરોવરની પાળ નજીકનાં વૃક્ષોની શિતળ છાયામાં વિશ્રામ લેવાની ખાતર સ્થિરતા કરી. નિદ્રા અર્ધનિદ્રામાં એ ટોળું ત્યાં આરામ લઈ રહ્યું હતું.

આ વખતે બે કાચંડાઓ ( કાકીંડાઓ ) પરસ્પર કલહ કરી રહ્યા હતા. ઝઘડતાં ઝઘડતાં કેટલોક સમય વીત્યો પણ તેઓ એ ઝઘડાથી અટક્યા નહિ. અતિતુચ્છ એવો પણ આ કલહ તે જંગલની અધિષ્ઠાયિકા વનદેવતાને ઘણો જ અનિષ્ટ જણાયો, તેથી તેણે પોતાના દિવ્ય અવાજથી આ જંગલના મત્સ્યાદિ જલચર, હરિણાદિ સ્થલચર અને હંસાદિ ખેચર જીવોને ઉદ્દેશી સુણાવ્યું કે:—

'ઓ જંગલના આશ્રિતો ! તમે મારા કથન તરફ ધ્યાન આપો ! જુઓ, આ સરોવર નજીકના પ્રદેશમાં બે કાચંડાઓ લડી રહ્યા છે. તમારી ફરજ છે કે તમારે તેમને પરસ્પરની લડતથી નિવારવા જોઇએ. જો બેદરકારીથી તમે તેમને નહિ નિવારો તો મહાહાનિ અને મૃત્યુ વગેરેનું ભારે સંકટ અનુભવશો.'

વનદેવતાનાં વચન સૌ જલચરાદિ જીવોએ સાંભળ્યાં, પણ સાથે સાથે એ પણ વિચારવાનું શરૂ કર્યું કે: 'અરે ! આ નાના શા કાચંડાઓ લડી રહ્યા છે એ યુદ્ધનું એવું તે શું મહત્ત્વ છે ? તેઓના યુદ્ધથી આપણને શી હાનિ થવાની છે અથવા તો એવું કયું સંકટ આવવાનું છે કે તેમાં નકામા પડીએ. ભલે લડેને. લડવા દો.' જંગલની બધીય જીવજાતિએ આ કાચંડાની લડત પ્રત્યે ઉપેક્ષા સેવી.

બન્ને કાચંડાઓ લડતા જ રહ્યા. લડતાં લડતાં એક કાચંડાએ બીજાના પર ભારે આક્રમણ કર્યું અને તેને ત્યાંથી ભગાડયો. આક્રમણકાર કાચંડો નાસતા કાચંડાની પુંઠે પડયો. આ નાસતો ભાગતો કાચંડો જ્યાં હાથીઓ આરામ લઈ રહ્યા હતા ત્યાં આવી પહોંચ્યો,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને તેણે હાથીઓના ટોળાના અધિપતિ (યૂથપતિ) હાથીની નજીક આવતાં તેની સૂંઢના નસકોરાને દર સમજી તેમાં તે પેસી ગયો. તેની પાછળ પડેલો કાચંડો પણ તે જ નસકોરામાં પેઠો. બન્ને ઠેઠ ઊંડાણમાં કપાલની અંદરના ભાગમાં પહોંચી ગયા, અને ત્યાં પૂર્વની જેમ લડવું શરૂ કર્યું. જંગલનું વિશાલકાય આ પશુ-હાથી કપાલની અંદર થઈ રહેલી કાચંડાની દોડમદોડની ક્રિયાથી બહુ જ વ્યાકુલ થયો અને તેણે ભારે ઉત્પાત જગાવ્યો. વૃક્ષોને જડમૂળથી ઉખેડી નાખવા માંડયાં. વ્યાકુલતાથી થતી નાશભાગે ઘણા ય સ્થલચરોને ચગદી નાખ્યાં. તેણે અને તેના ટોળાએ સરોવરની પાળને છિન્નભિન્ન કરી નાખી. પરિણામે એ ઊંડા ને વિસ્તૃત સરોવરનું પાણી આખાય જંગલમાં ફરી વળ્યું. કોઈને કયાંય વિશ્રામ લેવાનું સ્થળ ન રહ્યું. પરિણામે સારાય જંગલના જીવોનો નાશ થયો.

આ દૃષ્ટાન્ત અને તેનો ઉપનય ધ્યાનમાં લઈ આચાર્યાદિએ વનદેવતાના વચન કરતાં અનંતગુણ હિતકર એવા જિનેશ્વર દેવાધિદેવના વચન વડે અનર્થક અથવા તો અજ્ઞાનવશ ઊભી થયેલી સ્વચ્છંદી માન્યતાથી મનાયલા સાર્થક કષાયાદિ કરતા સાધુઓને વારવા જોઈએ. તે મહાનુભાવોએ તેમને 'દ્રમક'ના દૃષ્ટાન્તથી કષાયાદિનું દુષ્પરિણામ દર્શાવી શાંત અને સ્થિર બનાવવા યથાશકય પ્રયત્ન કરવો જોઇએ. 'દ્રમક'નું દૃષ્ટાન્ત આ પ્રમાણેઃ—

એક પરિવ્રાજકે અત્યન્ત ચિંતામાં પડેલા, ગાલે હાથ દઈ બેઠેલા અને ધન પ્રાપ્ત કરવાના ઉપાયોને ચિંતવતા એવા એક દ્રમકને જોયો, અને તેને તેની ચિંતાનું કારણ પૂછ્યું. દ્રમકે સત્ય હકીકત નિવેદન કરતાં પરિવ્રાજકે કહ્યું કેઃ 'હું તને ધનવાન બનાવીશ, પણ તારે હું જ્યાં કહું ત્યાં આવવું પડશે અને સર્વ કાંઈ મારા કહ્યા પ્રમાણે કરવું પડશે.' દ્રમકે 'હા' ભણી અને પરિવ્રાજકના કહ્યા પ્રમાણે તેણે શંબલ (ભાતુ) વગેરે સાથે લઈ લીધું. પરિવ્રાજક અને દ્રમક બન્ને ગાઢ જંગલો અને પર્વતોને વટાવત એક પર્વતની નિકુંજમાં પેઠા.

આ વખતે પરિવ્રાજકે દ્રમકને સ્વર્ણરસ (સિદ્ધરસ) લેવાની વિધિ દર્શાવીઃ—

'ટાઢ, તાપ, વાયુ વગેરેના પરિષહને ગણકારવો નહિ; ભૂખ, તરસ, ડાંસ વગેરેથી ઉત્પન્ન દુઃખોને સહન કરવાં; વિશુદ્ધ બ્રહ્મચર્યનું પાલન કરવું; અચિત્ત ફલાદિ માત્રનું જ ભક્ષણ કરવું; હૃદયમાં જરાય રોષાદિ ન ઉપજવા દેવાં.'

દ્રમકે પરિવ્રાજકે દર્શાવેલ ઉપરોક્ત વિધિપૂર્વક નિકુંજની અંદર રહેલા સ્વર્ણરસને શમીના પત્રપુટ (પડિયા)થી ગ્રહણ કર્યો અને તેનાં બે તુંબડાં ભરી લીધાં. હવે ત્યાંથી બન્ને જણ સ્વસ્થાને આવવા નીકળ્યા. માર્ગે ચાલતાં પરિવ્રાજકે દ્રમકને હિત શીખામણ આપવા માંડી;–'દેખ, ભાઈ! તને ઘણીય રીસ ચડે તોપણ આ સ્વર્ણરસ તારે 'સાગ' વૃક્ષના પત્રોમાં નાખી દેવો નહિ. જો તું મારા કહ્યા પ્રમાણે વર્તીશ તો તું મહાન ધનાઢ્ય થઈશ. દેખ, મારો પ્રભાવ તને કેવો બનાવે છે.' આ ઉપદેશનું વારવાર પરાવર્તન થયું તેથી દ્રમક અકળાયો અને તેને ભારે ગુસ્સો ચડયો. અતિશય ક્રોધાવેશમાં આવી જઈ તેણે ઉપરોક્ત સ્વર્ણરસ સાગનાં પાંદડાઓમાં ફેંકી દીધો. પરિણામે તેને નિર્ધનતા જ કાયમ રહી અને ક્રોધાવેશમાં સ્વર્ણરસને ફેંકી દેવાના કાર્યે તેને ઘણા લાંબા કાળ સુધી પશ્ચાત્તાપની ઊંડી ખાઈમાં ધકેલી દીધો.

આ દૃષ્ટાન્તનો ઉપનય કરતાં કષાયાદિ વશ થતા સાધુનું ધ્યાન ખેંચવું જોઈએ કેઃ—

'બહુ કાલ સુધી કષ્ટાદિ વેઠી સિદ્ધ કરેલા સુવર્ણ સમા સંયમને સાગપત્રસમા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કષાયાદિરૂપ અસ્થાને ફેંકી દેતાં દ્રમકની જેમ સદાકાલ દુઃખી અને પશ્ચાત્તાપને પાત્ર થવાય છે. દેશ–ઊન પૂર્વ કોટિ વર્ષ સુધી પણ પાલન કરેલો સંયમ કષાયના વશે અંતમુહૂર્તમાં નાશ પામી જાય છે માટે કદી પણ કષાયને વિવશ ન થવું જોઈએ.'

શ્રી આચાર્યાદિએ યથાયોગ્ય વિવિધ પ્રકારે હિતશિક્ષા દઈ, કોઈના પણ પક્ષમાં ખેંચાયા સિવાય મધ્યસ્થ હિતકર ભાવે કષાયમાં પડતા સાધુઓને તેથી નિવારવામાં અને આત્માર્થે યોજવામાં તેમણે પ્રયત્ન કરવો જોઈએ. આ બાબતમાં યથાશક્ય પ્રયત્ન ન કરતાં અથવા તો ઉપેક્ષાવૃત્તિ ધારણ કરતાં આજ્ઞા ભંગાદિ દોષો લાગે છે. જ્યારે તેમને કષાયથી વારણા વગેરે કરતાં આજ્ઞારાધનાદિ ગુણાધાન થાય છે. આ ગુણાધાન તે આચાર્યાદિકને આગામિભદ્ર–ભવિષ્યમાં અત્યન્ત કલ્યાણકારી થઈ પડે છે, કે જે સમાધાનપ્રવૃત્તિનું મહામૂલ્ય છે. ત્રિકાલાબાધિત જૈન સિદ્ધાન્તોનું આ મૂલ્યાંકન આજના સમયને માટે પણ તેવું ને તેવું જ છે, અને તેથી સમાધાનની પ્રવૃત્તિમાં તત્પર રહેનાર મહાનુભાવો આજેય એ મહામૂલ્ય રૂપ આગામિભદ્રને સાધી શકે છે. જૈન સિદ્ધાન્તોના આ ભાવને જેઓ સમજે છે તેઓ ધન્ય છે, માનનીય છે, પૂજ્ય છે અને જેઓ તેને અમલમાં મૂકે છે તે મહાનુભાવો તો વળી તેથીય વધારે ધન્ય, માનનીય અને પૂજ્ય છે. સદા વંદન હો તેમના ચરણારવિંદોને !

# ત્રણ પ્રાચીન મહત્તરાઓ

લેખક–પ્રો. **હીરાલાલ રસિકદાસ કાપડિયા**, એમ. એ.

વિદ્વત્તા જાણે પુરુષોને જ વિશેષતઃ વરી ન હોય તેમ વિદુષીઓની સંખ્યા પ્રત્યેક સમાજમાં, પછી એ પ્રાચીન હો કે અર્વાચીન, ગણીગાંઠી જોવાય છે. જૈન સમાજની પણ એ જ સ્થિતિ છે. આ ચાલુ 'હુંડા' અવસર્પિણીમાં **મલ્લિનાથ** તીર્થંકર કેવલજ્ઞાની થઈ ગયા અને શ્રવણ ભગવાન્ **મહાવીરસ્વામી**ના તીર્થમાં **ચંદનબાલા** વગેરે સાધ્વીઓ સર્વજ્ઞ બની, પરંતુ એમાંથી એકે યે કોઈ ગ્રન્થ રચ્યો હોય તો તે આજે ઉપલબ્ધ નથી. ગ્રન્થકાર તરીકે કઈ કઈ જૈન નારીનો નિર્દેશ શક્ય છે એ એક સ્વતંત્ર [1]લેખ રૂપે હવે પછી રજૂ કરવાનો મારો ઇરાદો છે એટલે અહીં તો હવે **આનંદશ્રી** વગેરે ત્રણ મહત્તરાઓ વિષે કેટલીક બાબત નોંધીશ.

## [ ૧ ] આનંદશ્રી

'મલધારી' **હેમચન્દ્રસૂરિ**એ અનેક ગ્રંથો સ્વતંત્ર તેમજ વૃત્તિરૂપે રચ્યા છે. એનું પૂર લગભગ એક લાખ જેટલું છે એમ એમના શિષ્ય **વિજયસિંહ ધર્મોપદેશમાલા** ઉપરની પોતાની [2]વૃત્તિમાં કહે છે. આટલા વિશાળ પાયા ઉપરનું સર્જન અનેક પ્રકારની સાનુકૂળતા વિના અશક્ય નહિ તો દુઃશક્ય તો છે જ. એટલે આ પરિસ્થિતિમાં આ **હેમચન્દ્રસૂરિ**એ **વિસેસાવસ્સયભાસ** ઉપરના તેમના વિવરણમાં એ વિવરણ તૈયાર કરવામાં સહાયક તરીકે જે સાતનો નિર્દેશ કર્યો છે તે સ્થાને છે. આ સાતમાં પાંચ સાધુઓ છે અને બે સાધ્વી છે. એમનાં મુબારક નામો નીચે મુજબ છેઃ—

૧ "જૈન સાહિત્યના સર્જનાદિમાં નારીઓનો ફાળો" એ મતલબનું મથાળું યોજી લેખ લખવા માંડ્યો છે. તે પૂરો થયે છપાશે.

૨ આ વૃત્તિ વિ. સં. ૧૧૯૧ માં મહા વદ ત્રીજને દિને પૂર્ણ કરાઈ હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૧) **અભયકુમાર**ગણિ, (૨) **જિનભદ્ર**ગણિ, (૩) **ધનદેવ**ગણિ, (૪) **લક્ષ્મણ**ગણિ, (૫) **વિબુધચન્દ્ર**, (૬) **આનંદશ્રી** અને (૭) **વીરમતી.**

આમાં **આનંદશ્રી**નો 'મહત્તરા' તરીકે અને **વીરમતી**નો 'ગણિની' તરીકે નિર્દેશ છે. આ બંને **હેમચન્દ્રસૂરિ**ની શિષ્યાઓ હશે. એ ગમે તેમ હો પણ આ બંને મલધારી **હેમચન્દ્રસૂરિ**ના સમયમાં થઈ ગઈ છે એ નિર્વિવાદ વાત છે. આથી **આનંદશ્રી** એ વિક્રમની બારમી–તેરમી સદીમાં થઈ ગયેલી ગણાય; કેમકે મલધારી **હેમચન્દ્ર**નો સમય વિ. સં. ૧૧૬૪ ની આસપાસનો છે.

### [ ૨ ] ગુણસમૃદ્ધિ

આ મહત્તરા 'ખરતર' ગચ્છના **જિનચન્દ્રસૂરિ**ની શિષ્યા થાય છે. એ સાધ્વીએ વિ. સં. ૧૪૦૬માં **અંજણાસુંદરીચરિય** નામનો ગ્રન્થ જેસલમેરમાં જઈણ મરહટ્ઠીમાં રચ્યો છે. એનું પૂર ૫૦૪ શ્લોક જેટલું છે. આ ગ્રન્થ હજી સુધી કોઈ સ્થળેથી પ્રસિદ્ધ થયો હોય એમ જાણવામાં નથી. પાઈય સાહિત્યના પ્રશંસકોએ અને પ્રચારકોએ આના પ્રકાશન માટે પ્રબંધ કરવો જોઈએ.

### [ ૩ ] યાકિની

**હરિભદ્રસૂરિ**એ **આવસ્સય**ની ટીકાના અંતમાં પોતાને **જાઈણી** (સં. **યાકિની**) મહત્તરાના 'ધર્મસૂનુ' તરીકે ઓળખાવેલ છે. આ પ્રમાણે **યાકિની** મહત્તરા એ **અનેકાન્તજયપતાકા** વગેરે અનેક ગ્રન્થોના પ્રણેતા **હરિભદ્રસૂરિ**ની ધર્મમાતા થાય છે. આ **હરિભદ્રસૂરિ**કૃત **સંબોહપયરણ** યાને **તત્તપયાસગ**ની પુષ્પિકા ઉપરથી એ જાણી શકાય છે કે **યાકિની** મહત્તરાને **મનોહરીયા** નામે શિષ્યા હતી અને એ સાધ્વીને બોધ થાય તે માટે ઉપર્યુક્ત **સંબોહપયરણ** રચવામાં આવ્યું હતું.

**પ્રભાવકચરિત**માં સૂચવાયું છે કે **યાકિની** મહત્તરા એક દિવસ **આવસ્સયનિજ્જુત્તિ**ની નીચે મુજબની ગાથા મોટેથી બોલતી હતી.

**चक्किदुगं हरिपणगं पणगं चक्कीण केसवो चक्की ।**
**केसव चक्की केसव दु चक्की केसी अ चक्की य ॥ ४२१ ॥**

આ **હરિભદ્રસૂરિ**ના સાંભળવામાં આવી, પણ તેનો **અર્થ** તેઓ **સમજી** શક્યા નહિ. એ સમજાવવા તેમણે **યાકિની**ને વિજ્ઞપ્તિ કરી ત્યારે એ સાધ્વી એમને **જિનદત્તસૂરિ** પાસે લઈ ગઈ.

આ પ્રમાણે અહીં ત્રણ પ્રાચીન મહત્તરાનો સંક્ષિપ્ત પરિચય પૂરો થાય છે. જેસલમેર ભાંડાગારીય સૂચીપત્રના ૪૯ મા અને ૫૪મા પત્રમાં પણ કોઈ 'મહત્તરા' વિષે ઉલ્લેખ હોય એવી એક નોંધ મેં આ લેખના કાચા ખરડામાં કરી છે, પણ એ બાબતમાં નિર્ણય કરવાનું બાકી રહે છે એટલે અંતમાં 'મહત્તરા' ને બદલે 'મહત્તરિકા' શબ્દ દિગંબરાચાર્ય **હરિષેણે** વિ. સં. ૯૮૯માં રચેલા **બૃહત્કથાકોશ** (૭૩, ૫૩)માં મળે છે અને ત્યાં એનો અર્થ 'મોટી ઉમ્મરની સ્ત્રી' એવો થાય છે એટલું સૂચવી હું વિરમું છું, જો કે આ જ અર્થમાં '[1]મહત્તરા' શબ્દ અહીં સમજવાનો નથી, કેમકે એ તો દીક્ષાપર્યાયાદિને ધ્યાનમાં લઈને સાધ્વીને અપાયેલી 'પદવી'નો સૂચક છે.

સાંકડીશેરી, ગોપીપુરા, **સુરત**, તા. ૨૧–૮–૪૪

---

૧. 'મહત્તર' શબ્દના અર્થ વિષે "છ મહત્તરો" નામના લેખમાં મેં ઊહાપોહ કર્યો છે. એ લેખ ટૂંક સમયમાં પ્રસિદ્ધ થશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# पूज्यताका विचार

लेखकः–पूज्य मुनिमहाराजश्री विक्रमविजयजी [पू. आ. म० श्रीविजयलब्धिसूरीश्वरशिष्य]

[ क्रमांक १०५ से क्रमशः ]

जीवके चले जाने पर इत्यादि सूरिजीका लेख बराबर है, क्योंकि जीवके चले जाने पर इसके साथ जीवका संबंध नहीं हैं, अगर हो तो उसे शब ही नहीं कह सकते, तो उसका सन्मान मुरदा का ही मान कहा जायगा। पूज्यकी आत्माने इस देहमें निवास किया था इस लिये वह मुरदाका मान नहीं है किन्तु आत्माका ही है ऐसा कहो तो मुरदाको जलाना नहीं चाहिए। इदानीं आत्मसंबंध नहीं है, भूतकालमें था। ऐसा माने तो द्रव्यादर हुवा। एवं च जैसे साक्षात् आत्मसंबंध न होने पर भी भूतसंबंध मान कर शब आदरणीय होता है उसी प्रकार भावी भावतीर्थंकरत्व पर्यायवाले आत्माका साक्षात् संबंध जिस शरीरके साथ विद्यमान है वह तो शबकी अपेक्षया पूज्यतम है अतः जैसे धर्मगुरुके शब की अन्त्येष्टि क्रिया, उनमें धर्मगुरुकी आत्माका संबंध समज कर, धूमधामसे करना प्रामाणिक है उसी तरहसे भावि परम आत्मा के संबंधसे पूर्वावस्था भी, अवश्य पूजनीय है। जम्बूद्वीपप्रज्ञप्तिका निर्वाणअधिकार विवेचित है जिससे उपर्युक्त ही सिद्ध होता है।

इसीसे 'सूरिजीकी इस बात पर यह प्रश्न उपस्थित हो सकता है' ऐसा कहकर जिस प्रश्न की उपस्थिति की वह भी नहीं उठ सकता। इस प्रश्नकर्ताका तो यही सिद्धान्त है कि जो भावाभिन्न वो ही ग्राह्य, अन्य नहीं। नाम भावाभिन्न है शब भावाभिन्न है इससे ग्राह्य है, मूर्ति भावाभिन्न नहीं इस लिए त्याज्य है, इसका उत्तर पूर्व लेखोंसे हो चुका है इससे भी यह प्रश्न हल हो जाता है। और 'शरीरमें तो बहुत काल तक आत्मा निवास कर चुका, किन्तु मूर्तिमें तो सर्वज्ञ आत्माने एक समयके लिए भी स्थिति नहीं की' यह भी बराबर नहीं। तीर्थंकरकी सद्भाव दशामें जो नाम उच्चरित होता था उसमें कथंचित् भावाभिन्नत्व होनेसे ग्राह्य होने पर भी आजके उच्चरित नाममें भावाभिन्नत्व नहीं होने पर भी जैसे तुम लोग अभिन्न समजकर स्मरण करते हो वह तो खोटा ही होगा, क्योंकि उसमें सर्वज्ञ आत्माका संबंध ही नहीं। और बहुत लम्बे समय तक जिस शरीरमें आत्मा निवास कर चुका उस शरीरमें कुछ काल उस आत्माका निवास न होने पर भी किसी भी बुद्धिसे वह शरीर आदरणीय हो तो सर्वज्ञताके पूर्व कालीन शरीर भी आदरणीय क्यों नहीं, जिसको तुमने पूर्वमें निराकरण करनेकी चेष्टा की उसीको तुमने यहां पर स्वीकार लिया × × × × ×

"चैत्यं सुप्रशस्तमनोहेतुत्वात्" इस विषयमें रायपसेणीमें स्वयं भगवानके लिए कल्लाणं, मंगलं, देवयं, चेइयं, यह विशेषण लगाये गये हैं इतना मात्र कहकर झूठ कहनेका साहस ही किया है, मगर सिद्धि या खंडन नहीं किया। कौन कहता है भगवानका चैत्य विशेषण नहीं है? इससे चैत्य शब्द जिनप्रतिमावाची नहीं है, और ज्ञानवान्का वाची है यह सिद्ध नहीं हो सकता। यद्यपि इत्यादि जो लेख है यह बिलकुल प्रमाणहीन है। अन्य स्थानमें किये हुए अर्थ विपरीत हैं यहां पर किया हुआ अर्थ सच्चा है, इसमें कोई विशेष हेतु दिखलाया

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



नहीं। सैन्धव शब्दका प्रयोग करने पर 'अश्व' इस शब्दका अर्थ है और लवण आदि उस शब्दका विपरीत अर्थ है ऐसा कोई बुद्धिमान कहनेका साहस नहीं करता है। अनेक अर्थवाला चैत्य शब्द अगर न होता तो चैत्य शब्दका विवक्षित अर्थ बतानेके लिए सुप्रशस्तमनोहेतुत्वात् यह हेतु नहीं दे सकते। जहां पर नाना अर्थको कहनेवाला शब्द होता है और वह शब्द अपने योगार्थमें जाता हो तो उन उन स्थलोमें विशेष अर्थको लेनेके लिए ही उस शब्दके असाधारण वाच्यको हेतु रूपसे दिखलाया जाता है। यह सब वाच्यवाचक के सामर्थ्यको नहीं समझते हुए, विशेषज्ञोंको शिक्षा लेनी चाहीए, ऐसे शब्दोंका उपयोग करना अपनी बुद्धिहीनताको ही सूचन करता है। घोडेको सैन्धव विशेषण देने मात्रसे सैन्धव शब्दका लवण अर्थ नहीं होता है यह कभी सिद्ध नहीं हो सकता। जिनेश्वर भगवानको और उनकी मूर्तिको चित्तप्रसन्नताका हेतु सूरिजी मानते हैं इस लिए प्रायश्चित्त तुमको लेना चाहिए कि प्रभुमूर्तिकी आशातना कर रहे हो। 'हमारा समाज समवसरणमें प्रभुके चार रूप मानता है जिसमें एक मूल रूप और तीन उसकी प्रतिच्छाया होता है' यह तीन जो प्रतिच्छाया मानते हो वह प्रतिच्छाया सचेतन है या अचेतन? सचेतन तो है ही नहीं, सचेतन तो केवल मूलरूप ही कहलाता है, अगर वह तीन भी सचेतन हो तो चारों रूप एक समान होनेसे मूलरूप ही कहलायेंगे और प्रतिच्छाया उड जायगी। अगर अचेतन मानो तो वह वंद्य है कि अवंद्य है? तुम्हारे हिसाबसे तो वह अवंद्य ही है, क्योंकि जिसमें प्रभुका निवास एक समयके लिये भी नहीं था वह वंद्य नहीं है ऐसा तुम्हारा लेख है। इससे प्रतिच्छाया निरर्थक ही होगी। अगर वंद्य कहो तो उसमें चेतनका संबंध ही नहीं है फीर भी वह वंद्य क्यों? और वंद्य भी हो तो क्या वह नाम, स्थापना, द्रव्य या भाव है? नाम तो है ही नहीं, क्योंकि वह वर्णात्मक नहीं, स्थापना भी नहीं कह सकते हो, स्थापना वंद्यतया अस्वीकृत है, द्रव्य भी नहीं क्योंकि भावना कभी भी इसमें वर्तन नहीं है, भाव भी नहीं, वह तो मूलरूप है, फीर भी अचेतन प्रतिकृतिको वंद्य मानो तो भाव संबंधी मूर्तिको पूज्य मानना ही होगा। ऐसी तुम्हारी युक्तियोंसे भी मूर्तिकी वंद्यता सिद्ध ही है। 'बगैर पूजाके भी स्मारक रूपसे इतिहास रह सकता है' ठीक है, परन्तु पूजाके तौर पर भी इतिहास रह सकता है, उसी इतिहासकी क्षति बताई गई है। ऐसे पूजककी स्मारक मूर्तियोंका इतिहास भी जैन समाजमें बहुत है और अनेकों अजायब घरोंमें निदर्शन रूपसे रक्खे गये हैं, जिनको देखकर जनताको ये मूर्तियां कभी पूजी जाती थीं ऐसा अनुभव होता है। आगे जाकर लिखते हैं कि "ऐसा प्रतिरूपसे ही हो सकता है, मूर्तिसे नहीं, मूर्ति तो हलन चलन आदि रहित स्थिर रहती है." यह भी एक तरहसे अतिशयमें अश्रद्धाको ही सूचन करता है। किसीके सामने कोई दर्पण रखकर प्रतिच्छाया संपादन करे तो क्या यह भी अतिशय है? किन्तु मूर्तियोंका निर्माण करके उनमें तथाविध चेष्टाका संपादन कराना यही देवकृत अतिशय है और ऐसा माननेसे ही प्रभुका अतिशय कायम रह सकता है और है भी ऐसा ही। दर्पणके विना प्रतिच्छाया उन लोगोंने की यही अतिशय है ऐसा कहना भी रूपान्तरसे मूर्तिको स्वीकारना ही है। प्रतिच्छाया तो चमकवाले पदार्थमें ही होती है।

(संपूर्ण)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી સિદ્ધચક્રનું સંક્ષિપ્ત સ્વરૂપ

લેખકઃ—પૂજ્ય મુનિ મહારાજ શ્રી ન્યાયવિજયજી (ત્રિપુટી)

"आसो अ चित्तअट्ठाहिअपमुहेसु विसेसेण"—આચાર્ય રત્નશેખરસૂરીશ્વરજી

"આસો અને ચૈત્ર મહિનાની અઠ્ઠાઈમાં (ઓળીના દિવસોમાં) પૌષધ, બ્રહ્મચર્યનું પાલન; તપવિશેષ, સ્નાત્રપૂજા, ચૈત્યપરિપાટી, સર્વસાધુ નમસ્કાર, સુપાત્રદાન અને દેવગુરુ આદિની વિશેષ રીતે પૂજા કરવારૂપ ધર્માનુષ્ઠાન ખાસ વિશેષ રીતે આરાધવું."

આ આસો અને ચૈત્રની આયંબિલની ઓળીની અઠ્ઠાઈઓ શાશ્વતી છે. આ દિવસોમાં આરંભ સમારંભનો ત્યાગ કરી, મન વચન અને કાયાની શુદ્ધિપૂર્વક માનસિક વાચિક અને કાયક વિકારોને દૂર કરી, રાગદ્વેષ ઓછા કરી, દ્રવ્ય અને ભાવથી નવપદારાધન કરવાનું છે. દ્રવ્યથી આયંબિલની તપશ્ચર્યા; બધી વિધિ, પૂજા, પ્રતિક્રમણ, સ્નાત્રપૂજા, દેવવંદન, પડિલેહણાદિપૂર્વક આ દિવસોમાં આરાધના કરવાની છે. અને ભાવથી આ આત્મા નવપદમય છે; એ નવપદથી વિભિન્ન નથી; આજે જે કાંઈ વિભિન્નતા દેખાય છે તે આત્માની વિભાવદશા—બાહ્યદશાને આભારી છે. માટે એ વિભાવદશા દૂર થાય, કર્મનાં આવરણો તૂટે, નવાં આવતાં કર્મનાં દ્વાર—આશ્રવ બંધ થાય અને આત્માના જ્ઞાનદર્શન ચારિત્ર આદિ નિજગુણો પ્રકાશિત થાય, એ રીતે ધર્મક્રિયાનો મર્મ ઓળખી આગળ વધવું.

આ નવ પદમાં પહેલા બેમાં દેવતત્ત્વની આરાધના છે; અરિહંતભગવાન અને સિદ્ધભગવંતની આરાધના પ્રથમ બે પદમાં આવે છે. ત્યાર પછીનાં ત્રણ પદોમાં ગુરુતત્ત્વની આરાધના આવે છે, આચાર્ય ભગવંત, ઉપાધ્યાયજી ભગવંત અને સાધુ ભગવંતોની આરાધના ત્રણ પદમાં થાય છે. અને છેલ્લાં ચાર પદોમાં ધર્મતત્ત્વની આરાધના આવે છે, જેમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ ચારિત્ર અને તપ એ ચાર પદની આરાધના દ્વારા ઉત્તમોત્તમ ધર્મની આરાધના કરવાની છે. આ સંસારમાં દેવ ગુરુ અને ધર્મ આત્મ કલ્યાણનાં મુખ્ય સાધનો છે. હવે આપણે જેમને દેવતત્ત્વ માન્યા તે કેવા છે તે જોઈએ.

तत्थऽरिहंतेऽट्ठारसदोसविमुक्के विसुद्धनाणमए ।
पयडियतत्ते नयसुरराये झायह निच्चंपि ॥१॥

"અઢાર દોષ રહિત, વિશુદ્ધ જ્ઞાનમય, પ્રકાશિત કર્યું છે તત્ત્વ જેમણે અને દેવેંદ્રથી ને નરેંદ્રથી પૂજિત એવા શ્રી અરિહંતનું નિત્ય ધ્યાન કરો !"

સંસારમાં મનુષ્યમાત્રને શાશ્વત્ સુખની ઇચ્છા હોય છે, જેને શાશ્વત્ સુખ પ્રાપ્ત કરવું હોય તેણે શાશ્વત્ સુખના ભોક્તા મહાપુરુષની ઉપાસના કરવી જોઇએ. શ્રી અરિહંત સંપૂર્ણ દોષોથી રહિત, સર્વજ્ઞ, સર્વદર્શી, વીતરાગ, નવે તત્ત્વના પ્રરૂપક છે અને દેવેંદ્રો અને નરેંદ્રોથી પૂજિત છે. આ શ્લોકમાં અપયાપગમાતિશય, જ્ઞાનાતિશય, વચનાતિશય અને પૂજાતિશય આ ચારે અતિશયો કહ્યા છે. મનુષ્યે એમને જ ઈષ્ટદેવ માનવા જોઈએ. એટલા જ માટે કહેવાયું કે—

"મહાગોપ મહામાહણ કહિયે, નિર્યામક સથ્થવાહ;
ઉપમા એહવી જેહને છાજે, તે જિન નમિયે ઉત્સાહ રે."

આવા અરિહંતપદની ઉપાસના, શ્રી સિદ્ધપદની પહેલાં એટલા માટે રાખવામાં આવેલ છે કે સિદ્ધપદના પ્રરૂપક શ્રી અરિહંત છે. અરિહંત ભગવંતોએ એ સિદ્ધપદનું યથાર્થ સ્વરૂપ જ્ઞાનથી જાણી; તેની પ્રરૂપણા કરી માટે આપણા ઉપકારી તરીકે તેમને પહેલાં નમસ્કાર કર્યા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે સિદ્ધપદ જોઈએ.

**पनरस भेयपसिद्धे, सिद्धे घणकम्मबंधणविमुक्के ।**
**सिद्धाणंतचउक्के झायह, तम्मयमणा सययं ॥**

"પંદર પ્રકારે સિદ્ધ છે. ગાઢાં કર્મ બંધનોથી વિમુક્ત અનંત ચતુષ્ક જેમને સિદ્ધ છે એવા સિદ્ધભગવંતને તલ્લાલીન થઈને નિરંતર ધ્યાવો!"

સંસારી જીવો સર્વથા કર્મરહિત થઈ મોક્ષ સુખ પ્રાપ્ત કરે છે. એ પંદર[1] પ્રકારે છે. ઘાતિ અને અઘાતિ આઠે કર્મથી સર્વથા રહિત આ સિદ્ધના જીવો હોય છે. કર્મરહિત હોવાથી એમને જન્મ, જરા અને મૃત્યુનો અભાવ છે. એટલા જ માટે કહ્યું છે કે—

"કરી આઠ કર્મ ક્ષયે પાર પામ્યા, જરા જન્મમરણાદિ ભય જેણે વામ્યા."

તેમજ જેમને અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર અને અનંત વીર્ય—આ ચારે અનંત પ્રાપ્ત છે, આ સાથે અવ્યાબાધ સુખ, અક્ષયસ્થિતિ, અરૂપીપણું અને અગુરુલઘુ આ ગુણો પ્રાપ્ત છે. આવા નિજાનંદ સ્વરૂપના ભોક્તા સિદ્ધ ભગવંતની આપણે બીજા દિવસે દ્વિતીય પદ રૂપે આરાધના કરવાની હોય છે.

હવે ત્રીજું ગુરુપદ જોઇએ, એમાં પ્રથમ પદે શ્રી આચાર્ય ભગવંત આવે છે.

**"पंचायारपवित्ते विसुद्धसिद्धंतदेसणुज्जुत्ते ।**
**परउवयारिक्कपरे निच्चं झाएह सूरिवरे ॥"**

"પંચાચારથી પવિત્ર, સિદ્ધાંતાનુસાર ધર્મદેશના દેવામાં તત્પર, ભવ્યજીવોના ઉપકારમાં રક્ત (નિપુણ) એવા સૂરિવરનું નિરંતર ધ્યાન કરો!"

આચાર્ય મહારાજ ૩૬ ગુણોથી યુક્ત હોય છે તે પૈકી અહીં પંચાચાર પવિત્ર કહ્યા છે.

૧. જ્ઞાનાચાર પોતે ભણે ભણાવે, લખે-લખાવે, જ્ઞાન ભંડાર કરે-કરાવે.

૨. દર્શનાચાર—સમ્યક્ત્વને પાળે, બીજાને પળાવે અને સમ્યક્ત્વથી પડતાને બચાવે.

૩. ચારિત્રાચારે—શુદ્ધ ચારિત્ર પોતે પાળે, બીજાને પળાવે અને પાળતાને અનુમોદે.

૪. તપાચાર—છ બાહ્ય અને છ અભ્યંતર એમ બારે પ્રકારે તપ કરે અને કરાવે.

૫. વીર્યાચાર—ધર્માનુષ્ઠાનમાં પોતાની શક્તિ ફોરવે. વીર્ય ગોપવે નહિ. તમામ આચાર પાળવામાં સંપૂર્ણ શક્તિ ફોરવે. શાસનની પ્રભાવના અને શાસનની અપભ્રાજના થતી બચાવવા પોતાની શક્તિનો પૂરેપૂરો ઉપયોગ કરે. એટલા જ માટે કહ્યું છે કે—

"નમું સૂરિરાજા સદા તત્ત્વતાજા; જિનેંદ્રાગમે પ્રૌઢ સામ્રાજ્ય ભાજા."

સૂરિપુંગવ નિરંતર શાસ્ત્રાનુસારી ધર્મદેશના દેવામાં તત્પર હોય છે. તેઓ "નિત્ય અપ્રમત્ત ધર્મ ઉવએસે, નહીં વિકથા ન કષાય." આચાર્ય ભગવંતો તો "ભવિજીવ બોધક તત્ત્વશોધક સયલગુણ સંપત્તિધરા" હોય છે. અને એટલા માટે તો તેમને ત્યાંસુધી ઉપમા આપી કે "શુદ્ધ પ્રરૂપક ગુણથકી, જે જિનવર સમભાખ્યા રે." આવા આચાર્ય ભગવંતોને શુદ્ધ મનથી ભજીયે તો આપણે પણ એવા થઈ અવિચલ સ્થાનને પ્રાપ્ત કરીએ.

---

૧ ૧ જિણ ૨ અજિણ ૩તિત્થ ૪તિત્થા ૫ગિહિ ૬અન્ન ૭સલિંગ ૮થી ૯નર ૧૦ નપુંસા; ૧૧પત્તેય ૧૨સયંબુદ્ધા ૧૩બુદ્ધબોહિય ૧૪હિયસિદ્ધ ૧૫ણિક્કાય

આવી રીતે સિદ્ધના પંદર ભેદ છે. સ્થાનાભાવને લીધે આનું વિવેચન નથી કર્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચોથું પદ ઉપાધ્યાયજી મહારાજનું છે.

" गणतित्तीसु निउत्ते सुत्तत्थज्झावणंमि उज्जुत्ते ।
सज्झाए लीणमणे सम्मं झाएह उज्झाए ॥ "

"ગચ્છની સેવામાં નિયુક્ત, સૂત્ર અને અર્થના ચિંતવનમાં તત્પર, સ્વાધ્યાયમાં તલ્લીન એવા ઉવજ્ઝાયનું સારી રીતે શુદ્ધ મનથી ધ્યાન કરો!"

ગચ્છની સંભાળ રાખવાનું કાર્ય શ્રીઉપાધ્યાયજીનું છે. આચાર્ય ભગવંતો ગચ્છના રાજા છે, પરન્તુ તેમની આજ્ઞા પળાવવાનું કાર્ય ઉપાધ્યાયજીનું છે. એટલા જ માટે તેમને "ગુણી સચ્છ સંધારણે સ્થંભભૂતા" કહેવાયું છે. ઉપાધ્યાયજી સૂત્ર અને અર્થનું દાન આપે છે. વિદ્યાર્થી સાધુઓને સારણા, વારણા, ચોયણા, પડિચોયણાદિનું કાર્ય ઉપાધ્યાયજીનું છે. ઉપાધ્યાયજીને "નહિ સૂરિ પણ સૂરિગણને સહાયા, નમું વાચકા ત્યક્ત મદ મોહ માયા" કહ્યા છે. ઉપાધ્યાયજીને તો ત્યાં સુધી ઉપમા આપી છે કે "મુરખ શિષ્ય નિપાઈ જે પ્રભુ, પહાણને પલ્લવ આણે, તે ઉવજ્ઝાય સકલજન પૂજિત, સૂત્ર અર્થ સવિ જાણે રે." ઉપાધ્યાયજી નિરંતર સ્વાધ્યાયમાં લીન હોય છે. અને બાર અંગ, અગિયાર ઉપાંગ, ચરણસિત્તરી અને કરણસિત્તરીના પાળનાર એવા પચીશગુણયુક્ત ઉપાધ્યાયજીને શુદ્ધ ભાવથી નમસ્કાર કરો.

પાંચમું સાધુપદ છે, તેઓ—

" सव्वासु कम्मभूमिसु विहरंते गुणगणेहिं संजुत्ते ।
गुत्ते मुत्ते झायह मुणिराए निहियकसाए ॥ "

"સર્વ કર્મ ભૂમિમાં વિચરતા, ગુણ સમુદાયથી વિભૂષિત, ત્રણ ગુપ્તિ અને પાંચ સમિતિથી યુક્ત એવા કષાય રહિત મુનિરાજનું ધ્યાન કરો!"

સાધુ મહારાજ મોક્ષ માટે ઉદ્યુક્ત હોય છે; તેઓ સત્યાવીશ ગુણોથી વિભૂષિત છે. અપ્રતિહત નવકલ્પી વિહાર કરે છે, પાંચ સમિતિ ત્રણ ગુપ્તિ અને અષ્ટપ્રવચન માતાના પાલક છે.

"કરે સેવના સૂરિવાયગ ગણિની, કરું વર્ણના તેહવી શી મુણિની;
સમેતા સદા પંચ સમિતિ ત્રિગુપ્તા, ત્રિગુપ્તે નહીં કામભોગેષુ લીપ્તા.
પાંચ ઇન્દ્રિયને જે નિત્ય ઝીપે, ષટ્કાયક પ્રતિપાલ;
સંયમ સત્તર પ્રકારે આરાધે, વંદુ તેહ દયાળ.
અઢાર સહસ શીલાંગના ધોરી, અચળ આચાર ચરિત્ર રે."
નવ વિધ બ્રહ્મગુપ્તિ જે પાળે, બાર સવિહ તપશુરા.

આવા મુનિવરોનું ધ્યાન કરવાથી આપણામાં ઉત્તમ ગુણોનો વાસ થાય ને ઉચ્ચપદ પામીયે.

છઠું સમ્યગ્દર્શન પદ છે—

" सव्वन्नुपणीयागम पयडियतत्तत्थ सद्दहणरूवं ।
दंसणरयणपइवं निच्चं धारेह मणभवणे ॥ "

સર્વજ્ઞ પ્રરૂપિત આગમોને, અને તેના અર્થોને સદ્દહણા રૂપ-અર્થાત્ શ્રી જિનવરેંદ્ર રૂપ સમ્યગ્દર્શન રૂપ રત્ન પ્રદીપને નિરંતર મનરૂપ ભૂવનમાં ધારી રાખો."

"तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनं" तमेव सच्चं निःशंकं जं जिणेहिं पवेइयं તે જ સત્ય અને નિઃશંક છે જે જિનેશ્વર પ્રભુએ પ્રરૂપ્યું છે. બસ આનું નામ છે સમ્યગ્દર્શન. જેમ શ્વાસોશ્વાસ વિના પ્રાણી જીવતો ન કહેવાય તેમ સમ્યગ્દર્શન વિના પણ ન જ ચાલે. તેના ક્ષાયિક, ક્ષાયોપશમિક અને ઔપશમિક ત્રણ ભેદો છે. "પાંચ વાર ઉપશમીય લહી જે, ક્ષય ઉપશમીય અસંખ્ય, એકવાર ક્ષાયિક તે સમકિત-દર્શન નમિયે અસંખ રે." આ સમ્યક્ત્વ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિના શું થાય છે તે જુઓ "જે વિણુ નાણુ પ્રમાણુ ન હોવે, ચારિત્ર તરુ નવિ ફળિયો; સુખ નિર્વાણુ ન જે વિણુ લહીયું, સમકિત દર્શન બળિયો રે." આવા સમ્યગ્દર્શનની ભાવથી આરાધના કરવી. સાતમું પદ સમ્યગ્જ્ઞાન—

"जीवाजीवाइपयत्थसात्तत्तावबोहरुवं च ।
नाणं सव्वगुणाणं सिक्खेह विणयणं ॥"

"જીવાજીવાદિ પદાર્થો અને તેના તત્ત્વોના બોધરૂપ, સર્વ ગુણોના સ્થાનરૂપ એવા જ્ઞાનને વિનયપૂર્વક પ્રાપ્ત કરો શીખો !"

જ્ઞાનથી મનુષ્ય હેય જ્ઞેય અને ઉપાદેય સ્વરૂપ સમજી શકે છે. ભક્ષ્ય અને અભક્ષ્ય, પુણ્ય અને પાપ, નિશ્ચય ને વ્યવહાર, નામ સ્થાપના દ્રવ્ય ને ભાવ અને નવે તત્ત્વોનું સ્વરૂપ જ્ઞાનથી જ જાણી શકાય છે. જ્ઞાનની મહત્તા ગાતાં ગાયું છે કે "પ્રથમ જ્ઞાન ને પછી દયા રે; દશવૈકાલિક વાણુ રે" "બહુ કોડયો વરસે ખપે, કર્મ અજ્ઞાને જેહ; જ્ઞાની શ્વાસો-શ્વાસમાં, કર્મ ખપાવે તેહ." જ્ઞાનનું મહત્ત્વ ત્યાં સુધી છે. "સકલ ક્રિયાનું મૂલ જે શ્રદ્ધા, તેહનું મૂલ જે કહિયે, તેહ જ્ઞાન નિત નિત વંદીજે, તે વિણુ કહો કિમ રહીયે." આ બધી મહત્તા સમ્યગ્જ્ઞાનની જ છે. જ્ઞાનના પાંચ ભેદો અને એકાવન ભેદો છે.

આઠમું ચારિત્ર પદ

"असुहकिरियाण चाओ, सुहासु किरियासु जायअपमाओ ।
तं चारित्तं उत्तमगुणजुत्तं, पालह निरुत्तं ॥"

"અશુભ ક્રિયાનો ત્યાગ શુભ ક્રિયામાં અપ્રમત્તતા, તે ઉત્તમ ગુણયુક્ત ચારિત્રનું સમ્યગ્ રીતે નિરંતર પાલન કરો."

**ज्ञानस्य फलं विरतिः** સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત થતાં જીવ ત્યાગ કરતાં શીખે છે. જ્ઞાનનું ખરું ફલ વિરતિદશા છે. ચારિત્ર માટે લખ્યું છે કે "ભવાંભોધિ સંતારણે યાન તુલ્ય, ધરું તેહ ચારિત્ર અપ્રાપ્ત મૂલ્યં." આ ચરિત્ર સર્વવિરતિરૂપ અને દેશવિરતિરૂપ છે. વળી આ ચારિત્ર સત્તર ભેદે અને સીત્તેર ભેદે પણ કહ્યું છે. તેને ભાવપુર્વક ભજો.

હવે છેલ્લું નવમું તપપદ છે—

घणकम्मतमोभरहरणं भाणुभूयं दुवालसंगधरं ।
नवरमकसायतावं चरेह सम्मं तवो कम्मं ॥"

"ચિકણા કર્મરૂપી અંધકારને નાશ કરવામાં સૂર્ય સમાન તપ બાર પ્રકારનું છે. આ તપ કષાયરહિત થઈ નિરંતર આરાધો."

વર્તન વગરનું એકલું સમ્યગ્દર્શન દરિદ્રીના મનોરથ જેવું છે; કુવાની છાંયડી જેવું છે. સમ્યગ્જ્ઞાન તો ગોખલામાં પડેલા દીપક જેવું છે. સમ્યક્ચારિત્રથી આશ્રવનાં બારણાં બંધ થવાથી નવો કચરો આવતો બંધ થયો, પરંતુ આવેલા, એકઠા થયેલા કચરાને કાઢવાની તાકાત ત્રણેમાંથી એકેમાં નથી એ તાકાત તો તપમાં છે. માટે તપ પદની આરાધના જરૂરી છે. આ તપ બાહ્ય અને અભ્યંતર મળી કુલ બાર પ્રકારનું છે. આ તપ ક્ષમાપૂર્વકનું જોઈએ. તપનું મહત્ત્વ ગાતાં ગાયું છે કે "તે ભવમુક્તિ જાણે જિનવર, ત્રણ ચઉજ્ઞાને નિયમા; તોયે તપ આચરણા ન મૂકે, અનંતગુણો તપમહિમા હો પ્રાણી." તપ તો કર્મરૂપી વૃક્ષોને ઉખેડી ફેંકી દેવામાં હસ્તી જેવું છે. ક્ષમાસહિતનું તપ મોક્ષનું સાધન છે.

ભવ્ય જીવો નવપદનું આ સંક્ષિપ્ત સ્વરૂપ સમજી આત્મકલ્યાણની શુભ ભાવનાથી નવપદનું આરાધન કરી મુક્તિનાં શાશ્વત્ સુખોના ભોક્તા બનો એ શુભેચ્છા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'શ્રી જૈન સત્ય પ્રકાશ'નું

## नवमा वर्षनुं विषय-दर्शन

### પ્રતિકાર


ठवणासच्चे : पू. मु. म. श्री विक्रमविजयजी : २४

વીરશાસન-જયંતી-મહોત્સવના નામે 'अनकान्त'ના સંપાદકનો શ્વેતાંબરોમાં વિચિત્ર પ્રચાર. : તંત્રીસ્થાનેથી : ૬૩

'अनेकान्त'ના સંપાદકનો વધુ પ્રચાર : તંત્રીસ્થાનેથી : ૬૯

पूज्यताका विचार : पू. मु. म. श्री. विक्रमविजयजी : ૯૦ ४१५, ४७७

'अनेकान्त'ના સંપાદકનું શ્વેતામ્બરો પ્રત્યેનું માનસ: શ્રીબહાદુરસિંહજી સિંઘીનો પત્ર : ૩૩૫

'अनेकान्त'ના વિચિત્ર પ્રચારનો પુરાવો : પં. બેચરદાસજીનો પત્ર : ૩૯૬

जैन विद्वान् ध्यान दें : श्री मानमलजी सीपाणी : ४११

શ્રીજુગલકિશોરજી મુખ્તારનો મર્યાદાભંગ : તંત્રીસ્થાનેથી : ૪૨૭

વીરશાસન-જયંતી-ઉત્સવ સંબંધમાં પૂ. મુ. મ. શ્રી. પુણ્યવિજયજીએ શ્રી. જુગલકિશોરજી મુખ્તારને લખેલ પત્ર : ૪૫૬


### સંપાદકીય


નવમું વર્ષ : ૨

વિક્રમ-વિશેષાંકની યોજના : ૩૬

ક્રમાંક ૧૦૦ : વિક્રમ-વિશેષાંક : ૧૦૨

શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિનો ત્રણ વર્ષનો હિસાબ : ૩૬૧

વિક્રમ-વિશેષાંકનો સત્કાર ( જુદા જુદા અભિપ્રાયો ) : ૩૯૭

વિક્રમ-વિશેષાંક સંબંધી અભિપ્રાયો. ૪૩૦, ૪૫૪ની સામે, ૪૭૦ની સામે, ૧૨મો અંક

કાગળ-નિયમનનો ધારો : ૪૫૭

શ્રીસંઘનો આભાર : ૪૭૧


### ઇતિહાસ, શિલ્પ, સ્થાપત્ય


કેટલાંક મહત્ત્વનાં ફરમાનપત્રો : પૂ. મુ. મ. શ્રી. ન્યાયવિજયજી (ત્રિપુટી) : ૪૭

સિદ્ધહેમકુમારસંવત : પૂ. મુ. મ. શ્રી. ન્યાયવિજયજી (ન્યાયતીર્થ) : ૬૨

સમ્રાટ વિક્રમાદિત્ય : પૂ. મુ. મ. શ્રી. દર્શનવિજયજી : ૧૦૩

સંવત્પ્રવર્તક રાજા વિક્રમાદિત્ય : શ્રી. સાંકરચંદ માણેકચંદ ધડિયાળી : ૧૫૫

विक्रमादित्यका संवत्प्रवर्तन : प्रो. बनारसीदासजी जैन : १६४

संवत्प्रवर्तक विक्रमादित्य और जैनधर्म : श्री. ईश्वरलालजी जैन : १६८

कालकाचार्य और विक्रम : श्रीहजारीमलजी बांठिया : १९७

સંવત્સરપ્રવર્તક વિક્રમાદિત્ય : શ્રી અંબાલાલ પ્રેમચંદ શાહ : ૨૧૯

ભારતવર્ષનાં ભિન્નભિન્ન સંવતો : પૂ. મુ. મ. શ્રી. જ્ઞાનવિજયજી : ૨૬૭

ભારતીય ઇતિહાસ અને જૈનાચાર્ય કાલક : પૂ. મુ. મ. શ્રી. દર્શનવિજયજી : ૨૭૫


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્યવહારુ સંવત્નો પ્રવર્તક રાજા વિક્રમ : પૂ. ઉ. મ. શ્રી. સિદ્ધિમુનિજી : ૩૧૮
पंजाबमें जैनधर्म : पु. पं. म. श्री. समुद्रविजयजी : ૩૫૫
રાજનગરનાં જિનમંદિરોમાં સચવાયેલાં ઐતિહાસિક અવશેષો
: શ્રી. સારાભાઈ મ. નવાબ : ૩૭૯
રીદ્રોલના જૈન મંદિરની મૂર્તિઓના લેખો : પૂ. મુ. મ. શ્રી. ન્યાયવિજયજી : ૪૦૧
ચંદ્રાવતી : પૂ. મુ. મ. શ્રી. જયંતવિજયજી : ૪૩૭

## સાહિત્ય

મુનિશ્રી ચતુરવિજયજીકૃત મેત્રાણાતીર્થની ઉત્પત્તિનું સ્તવન : શ્રીજેશિંગલાલ શાહ : ૫
મુનિ માનસાગરજીકૃત 'સિંહલકુમારચોપાઇ'નો પરિચય :
પૂ. મુ. મ. શ્રી. કાંતિસાગરજી : ૧૫
कतिपय शब्दों पर विचार : श्री मुलराजजी जैन : ૧૯
श्रीजिनेन्द्रसूरि–सज्झाय : पू. आ. म. श्री. विजययतीन्द्रसूरिजी : ૨૮
તપાગચ્છાધિપતિ શ્રીવિજયપ્રભસૂરિનો વિ. સં. ૧૭૨૩નો ક્ષેત્રાદેશપટ્ટક :
શ્રી. અંબાલાલ પ્રેમચંદ શાહ : ૨૯
ઉ. શ્રી. જ્ઞાનસાગરજીગણિકૃત તીર્થમાલા સ્તવન :
પૂ. મુ. મ. શ્રી. જયંતવિજયજી : (ક્રમાંક ૯૬ થી ચાલુ) ૩૩,૫૫
ત્રણ ક્ષેત્રાદેશપટ્ટક : પૂ. મુ. મ. શ્રી. કાંતિસાગરજી : ૩૯
कविवर समयसुन्दरजी रचित संघपति सोमजी निर्वाणवेली : श्री. अगरचंदजी नाहटा : ૬૧
દર્શનોની ગણના અને ઘટના : પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા : ૭૭
શ્રી વિજયસિંહસૂરિ–સ્વાધ્યાય : પૂ. આ. મ. શ્રી. વિજયયતીન્દ્રસૂરિજી : ૮૪
આરાધનાનું વિશેષ સાહિત્ય : શ્રી. લાલચંદ ભગવાન્ ગાંધી : ૯૩
ज्योतिषकरंडका 'लग्न' और म. म. डॉ. आर. श्यामशास्त्री: श्री. भा. रं. कुलकर्णी : ૯૫
વિક્રમાદિત્ય અને જૈન સાહિત્ય : હીરાલાલ રસિકદાસ કાપડિયા : ૧૩૧
विक्रमादित्य सम्बन्धी जैन साहित्य : श्री अगरचंदजी नाहटा : ૧૮૦
कथासरित्सागरमें विक्रमादित्य : प्रो. मूलराजजी जैन : ૨૦૫
ભાષાવિશુદ્ધિ : પૂ. મુ. મ. શ્રી. ભદ્રંકરવિજયજી : ૩૪૧
જુહાર અને જોહર : પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા : ૩૫૧
મેહકવિ રચિત રાણિગપુર–ચતુર્મુખપ્રાસાદ સ્તવન : પૂ. મુ. મ. શ્રી.
જયંતવિજયજી તથા શ્રી. અંબાલાલ પ્રેમચંદ શાહ : ૩૬૭
ઉપયોગવાદનું સાહિત્ય : પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા : ૩૮૬
ऋषभस्तवनकी टीकामें पारसी भाषानुशासनके उद्धरण : प्रो. बनारसीदासजी जैन : ૩૮૮
જોહર અને ઝમોર : પ્રો. ભોગીલાલ જ. સાંડેસરા : ૩૯૦
શ્રી. સુંદરહંસકૃત હેમવિમલસૂરિ–સ્વાધ્યાય : પ્રો. ભોગીલાલ જ. સાંડેસરા : ૪૦૦
श्रीहेमप्रभसूरिविरचित त्रैलोक्यप्रकाश : प्रो. मूलराजजी जैन : ૪૦૭
श्रीहीरविजयसूरिकृतं अवचूरीयुक्तं महावीरजिनस्तोत्रं : पु.मु.म. श्री.भद्रंकरविजयजी : ૪૩૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'કુલધ્વજકુમાર–ચોપાઈ'નો પરિચય : પૂ. મુ. મ. શ્રી. કાંતિસાગરજી : ૪૪૬
ज्येष्ठस्थित्यादेशपट्टक : पु. आ. म. श्री. विजययतीन्द्रसूरिजी : ४४८
મુનિભાવવિજયજીવિરચિત હીરવિજયસૂરિસ્વાધ્યાય : શ્રી. સારાભાઈ મ. નવાબ : ૪૫૮
કલ્પસૂત્ર–સુબોધિકા : પૂ. મુ. મ. શ્રી. દર્શનવિજયજી : ૪૬૩
ત્રણ પ્રાચીન મહત્તરાઓ : પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા : ૪૭૫

## ચરિત્ર, કથા, વર્ણન, ઉપદેશ

નૂતન વર્ષની નવી વાતો : શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી : ૩
દૃઢ પ્રતિજ્ઞા : N. : ૯
કવિશ્રી સમયસુંદર ઉપાધ્યાયે કરેલું વિ. સં. ૧૬૮૭ ના ભયંકર દુષ્કાળનું વર્ણન : પૂ. મુ. મ. શ્રી. મહિમાપ્રભવિજયજી : ૨૭
વૈરની વસુલાતની ભયંકરતા : પૂ. મુ. મ. શ્રી. પદ્મવિજયજી : ૬૫
અનુપમ ઘર : પૂ. મુ. મ. શ્રી રામવિજયજી : ૭૧
મૌન એકાદશીનો અપૂર્વ પ્રભાવ : પૂ. મુ. મ. શ્રી. સુશીલવિજયજી : ૮૫
वैक्रमीय घटना : पू. आ. म. श्री विजयलब्धिसूरीश्वरजी : १८९
हमारा विक्रम : श्री. वासुदेवशरण अग्रवाल : २०८
મહારાજા વિક્રમાદિત્ય અને પ્રાચીન તીર્થનો ઉદ્ધાર : શ્રી મોહનલાલ દી. ચોકસી : ૨૨૧
વિક્રમ સંવત્ ૨૦૦૦ : શ્રી. કુંવરજી આણંદજી : ૨૨૭
અવન્તીપતિની ઉત્પત્તિ : પૂ. મુ. મ. શ્રી. પદ્મવિજયજી : ૨૨૮
મહારાજા વિક્રમાદિત્ય : પૂ. મુ. મ. શ્રી. ન્યાયવિજયજી : ૨૩૫
સાહસશૂર વિક્રમાદિત્ય : ક્રમાટી : ૨૬૫
શ્રી સિદ્ધસેન દિવાકર અને વિક્રમાદિત્ય : પૂ. મુ. મ. શ્રી. ચંદ્રપ્રભસાગરજી : ૨૮૧
વિક્રમરાજાના પાંચ પ્રશ્નો : પૂ. આ. મ. શ્રી. વિજયપદ્મસૂરિજી : ૨૮૪
અવન્તીપતિ વિક્રમાદિત્ય : પૂ. મુ. મ. શ્રી. હેમેન્દ્રસાગરજી : ૨૮૭
મહાન્ જ્યોતિર્ધર શ્રી સિદ્ધસેન દિવાકર : પૂ. મુ. મ. શ્રી. સુશીલવિજયજી : ૨૯૭
શકારિ સમ્રાટ વિક્રમના સદ્‌ગુણો : પૂ. મુ. મ. શ્રી. ધુરંધરવિજયજી : ૩૧૩
માલવપતિ વિક્રમાદિત્ય : પૂ. મુ. મ. શ્રી નિરંજનવિજયજી : ૩૨૪
યોગ–પાવડી : પૂ. મુ. મ. શ્રી. પદ્મવિજયજી : ૩૫૮
ઝાંઝરીયા મુનિવર : N. : ૩૯૨
રણશય્યા : રતિલાલ દીપચંદ દેસાઈ : ૪૧૭
એક યોજના : શ્રી. મોહનલાલ દીપચંદ ચોકસી : ૪૫૩
કદાગ્રહની પરિસીમા : પૂ. ઉ. મ. શ્રી. સિદ્ધિમુનિજી : ૪૫૯
સમાધાન–પ્રવૃત્તિનાં મૂલ્યાંકન " : ૪૭૨
શ્રી સિદ્ધચક્રનું સંક્ષિપ્ત સ્વરૂપ : પૂ. મુ. મ. શ્રી. ન્યાયવિજયજી : ૪૭૯

## તત્ત્વજ્ઞાન

નિહ્નવવાદ : પૂ. મુ. મ. શ્રી ધુરંધરવિજયજી: (ક્રમાંક ૯૫થી ચાલુ) : ૨૧,૭૩(ચાલુ)
અલોકમાં કાળદ્રવ્ય : શ્રી. પોપટલાલ મોનજીભાઈ મહેતા : ૩૮૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈનધર્મ અને નાસ્તિકવાદ : શ્રી પોપટલાલ મોહનભાઇ મહેતા : ૪૦૪
ઈશ્વરનું વેદોક્ત જગત્કર્તૃત્વ : પૂ. મુ. મ. શ્રી. ન્યાયવિજયજી : ૪૫૧

સ્તુતિ-સ્તોત્ર-સ્તવન આદિ

श्रीहीरविजयसूरिकृतं श्रीमहावीरस्तोत्रम् : श्रीअगरचन्द्रजी नाहटा : १
શ્રી મેરુનંદન ઉપાધ્યાયરચિત શ્રી અજિતશાંતિજિનસ્તવન :
પૂ. આ. મ. શ્રી. વિજયયતીન્દ્રસૂરિજી : ૩૭
શ્રી લાવણ્યસમયવિરચિત શ્રીઅંતરીક્ષપાર્શ્વનાથનો છંદ : શ્રી.સારાભાઈ નવાબ : ૯૭
श्रीअवन्तीपार्श्वनाथस्तुतिपंचकम् : पू. मु. म. श्री. दक्षविजयजी : १०१
श्रीविक्रमनराधीशाष्टकम् : पू. मु. म. श्री. भद्रंकरविजयजी : ३३१
जीवायुप्पमाणकुलयं : पू. आ. म. श्री. विजययतीन्द्रसूरिजी : ३३९
मुनिश्रीगुणविनयविरचित श्रीस्तम्भनकपार्श्वनाथस्तवन : पू. मु. म. श्री. कांतिसागरजी : ३९९
શ્રી વિજયાણંદસૂરિશિષ્ય વિરચિત યમકમય શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન :
શ્રી. સારાભાઈ મણિલાલ નવાબ : ૪૨૪
શ્રી વર્ધમાન જિન-ગુણ-સુરવેલી : ,, : ૪૪૧
श्रीजयसागरोपाध्यायकृतं श्रीनागद्रह-पार्श्वजिन-स्तोत्रम् : पू. मु. म. श्री. कांतिसागरजी : ४५५

ચિત્રો

મહાતીર્થ શંખેશ્વરના ભવ્ય જિનમંદિરનો વિશાળ મંડળ : પહેલો અંક : મુખપૃષ્ઠ
કચ્છના સુપ્રસિદ્ધ તીર્થ ભદ્રેશ્વરનું સુંદર જિનમંદિર : બીજો અંક : મુખપૃષ્ઠ
શ્રી અવન્તી પાર્શ્વનાથ ભગવાન : વિક્રમવિશેષાંક
સમ્રાટ વિક્રમાદિત્ય ,,
આચાર્ય કાલકસૂરિ અને રાજા ગર્દભિલ્લ ,,
કલશબંધ છંદનો કલશ ,,
શંખેશ્વરના ભવ્ય જિનમંદિરની સુરમ્ય ભમતી : સાતમો અંક : મુખપૃષ્ઠ
શંખેશ્વરના ભવ્ય જિનમંદિરના મંડપો અને વિવિધ શિખરોનું દૃશ્ય: નવમો અંક: મુખપૃષ્ઠ

# નવી મદદ

[ 'શ્રી જૈન સત્ય પ્રકાશ 'ના ક્રમાંક ૯૮ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ નવી મદદ પછી, આ અગાઉ પ્રસિદ્ધ કરવામાં આવ્યા પ્રમાણે દર સાલે મળતી ચાલુ મદદ ઉપરાંત, નીચે મુજબ નવી મદદ મળી છે, તે અમે આભાર પૂર્વક પ્રસિદ્ધ કરીએ છીએ. વ્ય૦ ]

૨૨૫) શેઠ જમનાભાઈ ભગુભાઈ (વિ. સં. ૧૯૯૯ ની મદદના).
૨૮૦) પૂ. મુ. કાંતિસાગરજીના સદુપદેશથી, જૈન સંઘ સમસ્ત, મહાસમુંદ.
૨૦૦) શ્રી. પંચ મહાજન સમસ્ત રામસેન.
૧૦૦) શેઠ ચીમનલાલ લાલભાઇ (ચાલુ સાલની મદદના.)
૫૧) પૂ. મુ. દર્શનવિજયજીના સદુપદેશથી શેઠ ફુલચંદ પુરુષોત્તમદાસ તંબોળી, જામનગર.
૫૧) ,, શેઠ હીરાલાલ મગનલાલ પરીખ, હા. શ્રી. ચીનુભાઈ, અમદાવાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વિક્રમ-વિશેષાંક સંબંધી વધુ અભિપ્રાયો

[ કરાચીથી પ્રગટ થતા 'પારસી સંસાર અને લોકસેવક' નામના ગુજરાતી ભાષાના દૈનિક પત્રના તા. ૬-૯-૪૪ ના અંકના છઠ્ઠા પાના ઉપર, વિક્રમ-વિશેષાંકની અઢી કોલમ જેટલી વિસ્તૃત સમાલોચના પ્રગટ કરવામાં આવી છે. એમાંથી નીચેનો ઉતારો લેવામાં આવ્યો છે. વ્ય૦ ]

હાલ વિક્રમ સંવત્ ૨૦૦૦ ચાલે છે. અને એને અંગે એ વિક્રમ કોણ હતો એનું સંશોધન ચાલી રહ્યું છે. વળી વિક્રમની યાદમાં જલસાઓ પણ થતા રહ્યા છે. વિક્રમ માટે તરેહ તરેહની ચર્ચાઓ ચાલી છે—ચાલી રહી છે. એવા પ્રસંગે આ 'વિક્રમ-વિશેષાંક' ખરે જ આવકારદાયક થઈ પડે છે. જૈન વર્ગ તરફથી સંશોધનનાં પુસ્તકો કે અંકો નીકળે તે સાધારણ હોય જ નહીં. તેમ આ વિક્રમ અંક મહાન શાહનશાહ વિક્રમ માટે પુષ્કળ માહિતીથી ભરપૂર છે-એ વ્યક્તિની ઐતિહાસિક અને તવારીખી વિગત ખરે જ અદ્‌ભુત છે. ૨૩૦ પાનાના આ અંકમાં વિદ્વાનોની જુદી જુદી દૃષ્ટિએ લખાયેલા લેખો ઘણા અભ્યાસપૂર્ણ, જાણવા જેવા અને વિક્રમ ઐતિહાસિક વ્યક્તિ છે એવું પુરવાર કરનારા છે. ......વિક્રમ સંબંધી પ્રકાશ પાડતા કોઈપણ પુસ્તક બાહેર પડયાં હોય એમ લાગતું નથી, તેવી વેળા આ વિક્રમ-અંક ગુજરાતી ભાષામાં પહેલું જ પ્રકાશન છે, જેમાં વિક્રમ સંબંધી બધી સામગ્રી-ઐતિહાસિક તવારીખી વાર્તા અને ગુણરૂપી-રજુ થઈ છે.

આવું જાણવા જેવું અભ્યાસપૂર્ણ પ્રકાશન બાહેર પાડીને જૈન સમિતિએ "જૈન સત્ય પ્રકાશ' નામને સાર્થક કર્યું છે ને એ રીતે ગુજરાતી સાહિત્યની સેવા બજાવી છે."

—"પારસી સંસાર" કરાચી. તા. ૬-૯-૪૪

[ २ ]

"..... इतर समाज तो न माने यह बात दूसरी है लेकिन प्रायः जैन समाज तो मानता है कि परदुःखभंजन महाराजा विक्रम (उज्जैननिवासी) अपनी पिछली अवस्थामें जैन हुए थे और उन्होंने जैनधर्मकी बहुत प्रभावना की थी। इस बातको जैन अजैनोंकी समक्ष पेश करनेके लिये इस अंककी योजना हुई थी जो समयोचित सुन्दर व अनुकरणीय है.........इस अंकमें महाराजाका रंगीन व सादा कल्पनाचित्र अतीव सुन्दर है। यह अंक अहमदाबादसे अवश्य मंगाना चाहिये।"

"दिगंबर जैन" मासिक, सुरत, ता. २०-५-४४

[ ३ ]

"............વિક્રમરાજા સંબંધમાં વૈદિક ધર્મવાળાઓએ હકીકતો સાચવી હોય તેના કરતાં જૈનોએ વિશેષ સાચવી છે. શોક માત્ર એટલો જ છે કે એ બધાં વૃત્તાંતો કથાવાર્તા-રૂપ છે. છતાંયે જૈનોએ એના સચોટ પુરાવા રજુ કર્યા છે. આવા ઘણાખરા વૃત્તાંતોનો "શ્રી જૈન સત્ય પ્રકાશ" માસિકે આ વિક્રમ-વિશેષાંકમાં સંગ્રહ કર્યો છે, અને ઘણી શોધખોળ અને વિચારણાના ફળરૂપે ઘણા વિદ્વાનોના ગુજરાતી અને હિન્દી ભાષામાં લખાયલા લેખો આમાં છાપ્યા છે. રાજા વિક્રમનું કલ્પિત ચિત્ર પણ સુંદર અને આકર્ષક છે........જૈન સત્ય પ્રકાશના સંચાલકોને આ કાર્ય પાર પાડવા માટે ધન્યવાદ ઘટે છે."

'ગુજરાતી' સાપ્તાહિક, મુંબઈ, તા. ૨-૭-૪૪

[ ૪ ]

"શ્રી જૈન સત્ય પ્રકાશ"નો વિક્રમ વિશેષાંક અભ્યાસપૂર્ણ લેખસામગ્રીથી ધ્યાન ખેંચે છે. વિક્રમ વિષેના સાહિત્યમાં આ અંક મહત્ત્વનો ઉમેરો કરે છે.

"જન્મભૂમિ" દૈનિક, મુંબઇ, તા. ૨૬-૪-૪૪

ACHARYA SRI KAILASSAGARSURI GYANMANDIR
SHREE MAHAVIR JAIN ARADHANA KENDRA
Koba, Gandhinagar - 382 007.
Ph. : (079) 23276252, 23276204-05
Fax : (079) 23276249

For Private And Personal Use Only